# ઓર્નીથોલોજી વિભાગ દ્વારા કેવીકે, ડેડીયાપાડા ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરાયું

એઆઇએનપી ઓન વર્ટેબ્રેટ પેસ્ટ મેનેજમેન્ટ, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ દ્વારા કેવીકે, ડેડીયાપાડા મુકામે ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત તારીખ ૨૨-૯-૨૦૨૧ના રોજ એક દિવસીય ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવેલ. શિબિર માં મુખ્ય મહેમાન તરીકે આઈસીએઆર, જોધપુરથી પ્રોજેક્ટ સંકલનકર્તા અને વડા ડો. વિપિન ચૌધરી તથા ટેકનીકલ ઓફિસર ડો. સુરજીત સિંહ ખાસ હાજરી આપી જોડાયા હતા. ઓર્નીથોલોજી વિભાગ ના વડા ડો. સી. કે. બોરડ અને કેવીકે, ડેડીયાપાડા ના વડા ડો. પી. ડી. વર્માના તમામ માર્ગદર્શન હેઠળ ડો. જે. જી. દુલેરા તથા ડો. મીનાક્ષી તિવારી દ્વારા ૫૦ ખેડૂત બહેનોને ખેત-ઓજારો, જૈવિક નિયંત્રકો, પક્ષીના માળા, કાજુના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડો. વિપિન ચૌધરી દ્વારા પ્રોજેક્ટ અંતર્ગત ચાલતા કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી. શ્રીમતી ઉષાબેન દ્વારા આપેલ કીટની ઉપયોગીતા અને તેના ફાયદાની ચર્ચા કરી ખેડૂતો થકી ફીડબેક લેવામાં આવ્યો હતો. ડો. મીનાક્ષી તિવારીએ કિચન ગાર્ડન અને શાકભાજી તથા ફળોનું મહત્વ વિષે વિશેષ માહિતી આપી હતી. ડો. જે. જી. દુલેરા દ્વારા ઓર્નીથોલોજી વિભાગના વડા ડો. સી. કે. બોરડના માર્ગદર્શન હેઠળ તમામ કિટની ઉપયોગીતા તથા ખેતીમાં પક્ષીઓનું મહત્વ વિષય પર ચર્ચા કરવામાં આવેલ. તમામ કાર્યક્રમની અભાર વિધિ ડો. મીનાક્ષી તિવારી, કેવીકે, ડેડીયાપાડા દ્વારા કરવામાં આવી હતી.

| **કાર્યક્રમની ઝાંખી** | | |
|---|---|---|
|  |  |  |
| **ડો. વિપિન ચૌધરી દ્વારા પ્રોજેક્ટ અંતર્ગત ચાલતા કાર્યોની ચર્ચા** | **ડો. સી. કે. બોરડ દ્વારા વિવિધ કીટના ઉપયોગની માહિતી અપાઈ** | **ડો. જે. જી. દુલેરા દ્વારા પક્ષીઓની ખેતીમાં ઉપયોગીતા પર ચર્ચા** |
|  |  |  |
| આગાખાન એનજીઓથી ઉષાબેન દ્વારા ફીડબેક લેવાયો | લાભાર્થી ખેડૂત બહેનો | કીટ વિતરણ |